# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC

પરીક્ષા વિભાગ ૦૨,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૪ / ૩૦૧ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૮૬૪૧૧

ઈ-મેઈલ : exam02@sauuni.ac.in


**પરિપત્ર:**

**વિષય: તા.૧૦/૦૩/૨૦૨૨ થી શરુ થતી વિવિધ વિદ્યાશાખાઓની થીયરી પરીક્ષાની (ઓલ્ડ કોર્સ) તમામ સેમેસ્ટરની પ્રાયોગિક / પ્રોજેક્ટ / વાઈવા પરીક્ષાઓ તથા ઈન્ટરનલ ગુણની એન્ટ્રી બાબત.**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ / પેરા મેડીકલ વિદ્યાશાખા સિવાયની લાગુ પડતી વિદ્યાશાખાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **તા.૧૦/૦૩/૨૦૨૨ થી શરુ થતી વિવિધ વિદ્યાશાખાઓની થીયરી પરીક્ષાની (ઓલ્ડ કોર્સ) તમામ સેમેસ્ટરની** પરીક્ષાઓમાં જે વિષયોમાં **પ્રાયોગિક / પ્રોજેક્ટ / વાઈવા** પરીક્ષાઓ લેવાની થાય છે ત્યાં જુન-૨૦૧૦થી અમલમાં આવેલ સી.બી.સી.એસ. અંતર્ગત સેમેસ્ટર ૦૧ થી ૦૬ ના પરીક્ષા ફોર્મ ભરેલ રીપીટર પરીક્ષાર્થીઓની પ્રાયોગિક / પ્રોજેક્ટ / વાઈવા પરીક્ષા કોલેજ કક્ષાએ (સ્થાનિક ધોરણે) નીચે દર્શાવેલ દિવસો દરમ્યાન તમામ કોલેજનાં આચાર્યશ્રીઓ દ્વારા ગોઠવવાની રહેશે, અને તેની જાણ કોલેજનાં પરીક્ષાર્થીઓને કરવાની રહેશે. આચાર્ય દ્વારા ગોઠવાયેલ ઉપર્યુક્ત પરીક્ષાઓના કાર્યક્રમની બે નકલ તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રાયોગિક પરીક્ષાનાં શૈક્ષણીક માન્યતા પ્રાપ્ત પરીક્ષકોને અપાયેલા નિમણુંકનાં ઓર્ડરની એક નકલ પ્રાયોગિક પરીક્ષા શરૂ થયાના ૦૩ દિવસ પહેલા પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટને મોકલી આપવાની રહેશે.

**સેમેસ્ટર ૦૧ થી ૦૬ (ઓલ્ડ કોર્સ) ની પ્રાયોગિક / પ્રોજેક્ટ / વાઈવા પરીક્ષા તા. ૦૭/૦૩/૨૦૨૨ થી તા.૨૫/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળામાં પૂર્ણ કરવાની રહેશે. (પ્રાયોગિક પરીક્ષાના તથા ઈન્ટરનલ ગુણની ONLINE ENTRY ઉપરોક્ત સમય મર્યાદા સુધીના સમયગાળામાં કરી શકાશે અને જ્યાં લોગીન આઈડી ના હોઈ અથવા માર્કસની એન્ટ્રી ના થતી હોઈ તે કોલેજએ રૂબરૂ પરીક્ષા વિભાગમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન માર્ક્સ જમા કરવાના રહેશે.)**

વિદ્યાર્થીઓના પ્રાયોગિક/ઈન્ટરનલ પરીક્ષાઓના માર્કસની ઓન-લાઈન એન્ટ્રી થયા બાદ SAVE કરીને તેની પ્રિન્ટ કાઢીને તેની ખરાઈ કરી તેમાં જે તે વિષયનાં અધ્યાપકશ્રી તથા આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી કોલેજનાં રેકોર્ડ પર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર પડે ને મંગાવે ત્યારે નકલ આપવાની રહેશે.

**સુચના:**

- **સી.બી.સી.એસ. હેઠળનાં સેમેસ્ટર ૦૧ થી ૦૬ ની રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક/ ઈન્ટરનલ ગુણની એન્ટ્રી G.I.P.L.નાં સોફ્ટવેરમાં કરવાની રહેશે.**
- **BCA / BSC ITની પ્રાયોગિક / પ્રોજેક્ટ / વાઈવા પરીક્ષા પરિપત્ર નં.પરીક્ષા/૦૨/૨૦૨૩૪,૩૫ તા.૦૨/૦૩/૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ ટાઇમ ટેબલ મુજબ પરીક્ષા લેવાની રહેશે, તેમને આ પરિપત્રની પ્રાયોગિક પરીક્ષા સબંધિત બાબત લાગુ પડશે નહિ.**
- વિદ્યાર્થીઓનાં સીટ નંબરની યાદી સંબંધીત કોલેજને મળેલ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ નંબર ઉપર પ્રાયોગિક પરીક્ષા લેવડાવવાની રહેશે. પ્રાયોગિક પરીક્ષાની ઉતરવહીઓ સંસ્થાએ નિર્ધારિત સમય સુધી સાચવવાની રહેશે.

- વધુમાં જણાવવાનું કે આચાર્યશ્રીઓએ પ્રાયોગિક પરીક્ષામાં પોતાની કોલેજનાં શૈક્ષણીક માન્યતા પ્રાપ્ત સીનીયર અધ્યાપકોને નિમણુંક આપી પ્રાયોગિક પરીક્ષાઓ યોજવાની રહેશે, અને જો કોલેજમાં માન્ય અધ્યાપક ન હોય તો , ત્યાંથી નજીકની કોલેજમાંથી માન્ય અધ્યાપકનો સંપર્ક કરીને પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.
- પ્રાયોગિક પરીક્ષાના સંચાલન પેટે સંબંધીત કોલેજનાં આચાર્યશ્રીને કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવા અથવા આચાર્યશ્રી જે અધ્યાપકને નિયુક્ત કરે તેમને રૂા. ૧૨૫/- (રૂપિયા એકસો પચ્ચીસ) નું મહેનતાણું પ્રતિ-દિન ચુકવવું. આ ફક્ત ગ્રાન્ટેડ/સરકારી કોલેજોને જ લાગુ પડશે.
- આ કાર્યાલયનાં તા. ૧૭.૦૮.૨૦૧૩નાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૦૨/૧૫૫૧/૨૦૦૯ અનુસાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજ તથા ગ્રાન્ટેડ કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ ચલાવતી કોલેજોએ પ્રાયોગિક પરીક્ષા સંચાલનનો તમામ ખર્ચ તેમને કરવાનો રહેશે, ખર્ચનાં હિસાબોની ફાઈલ યુનિવર્સીટીમાં જમા કરાવવાની રહેશે નહી, પરંતુ પ્રાયોગિક પરીક્ષા સંચાલન ખર્ચનાં તમામ હિસાબો તૈયાર કરી કોલેજે પોતાના રેકોર્ડ ઉપર રાખવાના રહેશે. જે યુનીવર્સિટી જરૂરીયાત ઉભી થયે માંગવાથી રજુ કરવાનાં રહેશે
- COVID-19 અન્વયે ની સરકારની જણાવેલ સુચનાઓના પાલન સાથે પરીક્ષા લેવાની રહેશે.

ઉપર મુજબની જાણ કોલેજનાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા પરીક્ષાર્થીઓના ધ્યાન પર મૂકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**નં/પરીક્ષા/૦૨/૧૨૫૫/૨૦૨૨** **પરીક્ષા નિયામક**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ,
યુનિવર્સીટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
**તા. ૦૪/૦૩/૨૦૨૨**

**પ્રતિ,**

૦૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સંબંધીત કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ........

**નકલ રવાના: (જાણ સારૂ તથા યોગ્ય થવા અર્થે)**

૧. માન. કુલપતિશ્રી/માન. કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. મુખ્ય હિસાબી અધિકારી, હિસાબ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૩. ઓડિટર, ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૪. પરીક્ષા કોમ્પ્યુટર,વિભાગ
૫. પરીક્ષા વિભાગ-૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. **(પ્રાયોગિક પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓ તથા ગ્રાફ પેપર્સ જે તે કોલેજને સમયસર પહોચતા કરવા અર્થે)**